Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2009
Valid Up to Dt. 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LII] WEDNESDAY, 13th APRIL, 2011/CAITRA 23, 1933 [No. 23**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### સુરત શહેર, મોજે : વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા વિસ્તારની સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૭૫ (વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

નં. ટીપીડી/આ/૨૩૮/૨૦૧૧.-ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૯ના હુકમ ક્રમાંક : પુડીએ-૧૧૨૦૦૯-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની ડ્રાફટ ટી. પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. : ૦૯/૨૦૧૧, તા. ૨૮-૩-૨૦૧૧ થી ઠરાવ્યા મુજબ નકશામાં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. : ૭૫ (વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૧૧-૦૪-૨૦૧૧.

અપર્ણા,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ :-

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૮-૦૩-૨૦૧૧નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૫-૦૩-૨૦૧૧નાં પત્ર નં. સીમીસ/૦૮/૩૦થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. : ૭૫ (વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં  નગર રચના યોજના સુરત નં. : ૭૫ (વેસુ-મગદલ્લા-ગવિયર-આભવા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવા અંગેનું સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનનો બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રોમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૦૯/૨૦૧૧ સર્વાનુમતે મંજુર**

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.